**તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૩ | ૨ ઓગસ્ટ, ૨૦૧૬, મંગળવાર ; અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મુખ્યમંત્રી પદેથી આનંદીબેનની રાજીનામાની ઓફર

**સોમવારે બપોરે ફેસબુક ઉપર પોતાની લાગણીઓ વ્યક્ત કરતો પત્ર મુકીને ભાજપના હાઈકમાન્ડ સમક્ષ પુનઃ નિવૃત્ત થવા માટે ઈચ્છા વ્યક્ત કરી : આજે દિલ્હી ખાતે ભાજપ પાલમિેન્ટરી બોર્ડની તાકિદની બેઠક યોજાશે : આનંદીબેનનું રાજીનામુ સ્વીકારવું અને નવું નેતૃત્વ કોણ સંભાળશે તેનો નિર્ણય પાલમિેન્ટરી બોર્ડમાં થશે**

ગાંધીનગર, તા.૧

ગુજરાતના રાજકારણમાં સૌથી મોટો આંચકો આપી રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે રાજીનામું આપીને પાર્ટીના હાઈકમાન્ડને પણ ચોંકાવી દીધું છે. જો કે એટલું નક્કી છે કે હાઈમાન્ડ બહેનનું રાજીનામું સ્વિકારે તો ગુજરાતના નવા મુખ્યમંત્રી મળશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં નેતૃત્વ પરિવર્તનની શક્યતા ઘણાં લાંબા સમય પહેલાં શરૂ થઈ હતી પરંતુ ભાજપના રાષ્ટ્રીય તેમજ પ્રદેશના નેતાઓ સ્પષ્ટ કહી શકતા ન હતા. આનંદીબહેન પટેલના બે વર્ષના શાસનમાં તેમણે ગતિશીલ ગુજરાત સૂત્ર આપી તે દિશામાં કામ શરૂ કર્યું હતું પરંતુ તેમના શાસનમાં પાટીદાર અનામત આંદોલન અને દલિત અત્યાચારની ઘટના એ બન્ને એવી રીતે પ્રવેશી કે બહેનનો શાસન કરવાનો અધિકાર છીનવી લીધો.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપની હાર એ પહેલું પગથિયું હતું, પરંતુ ત્યારપછી ભ્રષ્ટાચારની ફરિયાદો વ્યાપક બનતાં બહેન માટે શાસન કરવું કપરૂં દેખાતું હતું. આનંદીબહેન પટેલે કારણ આપતાં એવું કહ્યું છે કે ૭૫ વર્ષ પુરા કર્યા હોય તેવા નેતાઓએ ભાજપની સરકારમાં હોદ્દો ગ્રહણ કરવો નહીં અને હું નવેમ્બરમાં ૭૫ વર્ષ પૂર્ણ કરૂં છું તેથી સ્વેચ્છાએ મુખ્યમંત્રીના હોદ્દા પરથી ખસી જવા માગું છું. જો કે તેમનો આ દાવો અત્યારે અસ્થાને છે, કારણ કે હાઈકમાન્ડે તેમને એવો આદેશ કર્યો નથી.

આનંદીબહેને આપેલું રાજીનામું એક નહીં અનેક પ્રશ્નો ખડા કરે છે. તેમણે હાઈકમાન્ડને પડકાર ફેંક્યો છે કે હાઈકમાન્ડના દબાણ પછી રાજીનામું આપવાની ફરજ પડી છે તે અંગે વિવિધ સ્તરે ચર્ચાઓ થઈ રહી છે. આનંદીબહેનનું રાજીનામું સ્વિકારી લેવામાં આવે તો તેમની જગ્યાએ ગુજરાતમાં નવા મુખ્યમંત્રી કોણ હશે તે એક નવો પ્રશ્ન ઉભો થયો છે.

ભાજપનું હાઈમાન્ડ તેની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ગુજરાતના નવા નેતાની વરણી

● અનુસંધાન પાન-૭ પર

## આનંદીબેનની ફેસબુક પોસ્ટ : અક્ષરશઃ

છેલ્લા ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીમાં કાર્યકર્તા તરીકે કામ કરતા કરતા મને અનેકવિધ જવાબદારીઓ સંભાળવાની તક મળી છે. સંગઠન તેમજ સરકારમાં પક્ષે મને ખુબ જ અગત્યની જવાબદારીઓ સોંપી છે જેને હું મારુ સદ્ભાગ્ય માનું છું. મહિલા મોરચાની જવાબદારીથી લઈને મુખ્યમંત્રી પદ સુધી પક્ષના નેતૃત્વએ મારી પર વિશ્વાસ મુક્યો તે માટે હું ઋણી છું. કુશળ સંગઠક, દીર્ધદ્રષ્ટા અને કર્મઠ આદરણીય નરેન્દ્ર મોદીના નેતૃત્વ નીચે પહેલા સંગઠનમાં અને પછી સરાકરમાં કામ કરવાની મને તક મળી જેના કારણે સાતત્યપૂર્વક મારુ ઘડતર થતું રહ્યું. છેલ્લા ૧૮ વર્ષથી ગુજરાત સરકારના ખુબ જ અગત્યના વિભાગોની કામગીરી કરતા કરતા અનેક રચનાત્મક સુધારાઓ કરી નવી પ્રજાભિમુખ યોજનાઓના સરળ અમલીકરણ દ્વારા પારદર્શિતા લાવવા પ્રામાણિકતા સાથે પરિણામલક્ષી કાર્ય કરવા સતત પ્રયત્નશીલ રહી છું. મે ૨૦૧૪માં ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકેની જવાબદારી નરેન્દ્ર મોદી તથા વરિષ્ઠ નેતૃત્વએ મને સોંપી તેને હું સમગ્ર ગુજરાતની મહિલાઓનું ગૌરવ ગણું છું. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૧૨ વર્ષથી વધુ સમય સુધી રહ્યા અને તેમની જગ્યાએ મારી પસંદગી થઈ તે સ્વાભાવિક રીતે જ આકાશના તારા ગણવા જેવું કઠિન કાર્ય હતું પરંતુ મને એ વાતનો ગર્વ છે કે તેઓએ ગુજરાતના વિકાસની કંડારેલી કેડી એ જ ઝડપથી આગળ વધારવામાં હું ક્યાંય પાછી પડી નથી.



ભારતીય જનતા પાર્ટીની વિચારધારા, સિદ્ધાંતો અને શિસ્તબદ્ધતાથી પ્રેરાઈ હું પક્ષમાં જોડાઈ હતી અને આજ સુધી તેનું પાલન કરતી રહી છું. છેલ્લા થોડાક સમયથી પક્ષમાંથી ૭૫ વર્ષની ઉંમર પછી વરિષ્ઠ કાર્યકર્તાઓએ સ્વૈચ્છિક જવાબદારીમાંથી મુક્ત થવાનું સ્વીકારી આગવી પરંપરા ઉભી કરી છે જે સૌ માટે ઉદાહરણીય અને અનુકરણીય છે જેના કારણે આવનારી પેઢીને કાર્ય કરવાની તક મળે છે. મારા પણ નવેમ્બરમાં ૭૫ વર્ષ પુરા થનાર છે પરંતુ ૨૦૧૭ના અંતમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવવાની હોઈ તેમજ દર બે વર્ષે યોજાતા રાજ્ય માટે મહત્વના વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પણ જાન્યુઆરી ૨૦૧૭માં યોજાનાર હોઈ નવનિયુક્ત થનાર મુખ્યમંત્રીને પુરતો સમય મળી રહે તે માટે મેં બે માસ અગાઉ પક્ષના વરિષ્ઠ નેતૃત્વ સમક્ષ મને આ જવાબદારીમાંથી મુક્ત

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ

**મુખ્યમંત્રીએ રાજ્યપાલને મળી હાઈકમાન્ડને મોકલેલા પત્રથી વાકેફ કર્યા : સમીકરણ બદલાય તેવા સ્પષ્ટ સંકેત**

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે તેમના રાજીનામાની ઈચ્છા દર્શાવતા પત્ર પક્ષના હાઈકમાન્ડને લખ્યા બાદ ગુજરાત ભાજપમાં રાજકીય ગતિવિધિ એકદમ તેજ બની ગઈ છે. મુખ્યમંત્રીએ તેમનો આ પત્ર સીધો ફેસબુક ઉપર પોસ્ટ કરતા સમગ્ર રાજ્યમાં જબરદસ્ત રાજકીય ઉત્તેજના વ્યાપી ગઈ હતી. ભાજપમાં આવેલા આ રાજકીય ભૂકંપની કળ હજુ સુધી કોઈને વળી નથી ત્યાં મુખ્યમંત્રીનું નિવાસસ્થાન રાજકીય ચહલપહલથી ધમધમી ઉઠ્યું હતું. આજે બપોર બાદથી મુખ્યમંત્રીના નિવાસસ્થાને મંત્રીઓ તથા ભાજપના આગેવાનોનો ભારે જમાવડો જોવા મળતો હતો. સતત મિટિંગોના દોરની વ્યસ્તતા વચ્ચે હવે પછી શું અને નવા મુખ્યમંત્રી કોણ તેની ચર્ચાઓથી રાજકીય માહોલ ગરમાયું હતું. ગુજરાતના મુખ્યમંત્રીના રાજીનામાની પેશકશ બાદ ગુજરાતની સ્થિતિનો ચિતાર લેવા ભાજપના કેટલાક કેન્દ્રીય નેતાઓ પણ ગુજરાત દોડી આવે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. સંભવતઃ આવતીકાલે મંગળવારે દિલ્હીમાં મળનારી ભાજપની સંસદીય બોર્ડની બેઠકમાં આ મુદ્દો અગ્રીમતાના ધોરણે હાથ પર લેવાશે અને ગુજરાત અંગે કોઈ નિર્ણય જાહેર કરાય તે પહેલા આજે સાંજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પક્ષના વરિષ્ઠ નેતાઓ તથા મંત્રીઓની જુદી જુદી બેઠકો મળી હતી જેમાં આગામી વ્યૂહરચના તથા સંસદીય બોર્ડના નિર્ણય બાદ શું કરવું તેની ઔપચારિક ચર્ચાઓ થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર






# નવા મુખ્યમંત્રી માટે અટકળોનો દોર

**વિજય રૂપાણીનું નામ હાલમાં સૌથી આગળ : નરેન્દ્ર મોદીની ભૂમિકા ઉપર સૌની નજર રહેશે : મધ્યસત્ર ચૂંટણીની પણ શક્યતા નકારી શકાય નહીં**

ગાંધીનગર, તા.૧

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજીનામાની ઓફર કર્યા બાદ નવા મુખ્યમંત્રીને લઈને પણ ચર્ચા વિચારણાનો દોર શરૂ થયો છે. વિજય રૂપાણીનું નામ સૌથી આગળ હોવાની ચર્ચા વર્તુળોમાં જોવા મળી રહી છે. નીતિન પટેલ પણ દાવેદાર હોવાનું જાણવા મળી રહ્યું છે. ભાજપમાં ભૂકંપ સર્જનારા આ ઉત્તોજનાભર્યા પ્રકરણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકા ઉપર હવે સૌની નજર સ્થિર થઈ છે. નરેન્દ્ર મોદીના નિર્દેશ બાદ ભાજપનું સંસદીય બોર્ડ આનંદીબેનનું રાજીનામુ સ્વીકારી કોઈ નવા મુખ્યમંત્રી નિમવાની પ્રક્રિયા હાથ ધરશે કે મધ્યસત્ર ચૂંટણી યોજી કોંગ્રેસને ઉંઘતી ઝડપવાનો દાવ ખેલશે તેનું ચિત્ર હવે ખુબ જ ટૂંક સમયમાં સ્પષ્ટ થઈ જશે પરંતુ એક વાત નક્કી છે કે, આનંદીબેને ભાજપની ગૌરવશાળી પરંપરાને આગળ વધારી જે રીતે રાજીનામુ આપ્યું છે તે જોતા તેમને કેન્દ્ર સરકાર કોઈ વધુ મહત્વની અને તેમના વ્યક્તિત્વને અનુરુપ જવાબદારી સોંપે તો તેમાં કોઈ નવાઈ નહીં. આનંદીબેન પટેલની ફેસબુક પોસ્ટને લીધે રાજકીય ભૂકંપ આવ્યો છે, ત્યારે સરકારના સૂત્રો જણાવી રહ્યા છે કે હાઈકમાન્ડના નિર્દેશથી રૂપાણીને તમામ પાવર આપવામાં આવ્યા હતા તેથી જ દલિત અત્યાચાર મામલે પણ રૂપાણીની

● અનુસંધાન પાન-૭ પર







